# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



અલીન્દ્રામાં તંત્રનો કથિત ત્રાસ | નાયબ મામલતદાર સહિતના સ્ટાફ પર ૩ દિવસથી માનસિક પજવણીનો ગંભીર આરોપ

## અલીન્દ્રામાં સસ્તા અનાજની દુકાનના સેક્રેટરીએ કૂવામાં કૂદી જીવન ટૂંકાવ્યું

**પુત્રને આપેલી સુસાઈડ** નોટ ગાયબ થતા રહસ્ય ઘેરાયું





(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા જિલ્લાના વસો તાલુકાના અલીન્દ્રા ગામે સરકારી તપાસ દરમિયાન એક હૃદયદ્રાવક ઘટના બની છે. સસ્તા અનાજની દુકાનમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા મનુભાઈ સોલંકીએ વસો મામલતદાર કચેરીની ટીમની ઉપસ્થિતિમાં જ દુકાન પાસેના કૂવામાં છલાંગ લગાવી આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શનિવારે સવારે તેમનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે વસો CHC ખાતે ખસેડાયો હતો.

આ અંગે મૃતકના પુત્ર કમલેશ અને બહેન અંજુબહેને આક્ષેપ કર્યો છે કે, વસો મધ્યાહન ભોજન શાખાના નાયબ મામલતદાર પંકજ મિશ્રા તેમજ તેમના સ્ટાફના ઘનશ્યામભાઈ અને કિંજલભાઈ છેલ્લા ત્રણ દિવસથી મનુભાઈને સતત હેરાન કરી રહ્યા હતા. આ કર્મચારીઓ સવારે દુકાને આવીને બેસી જતા અને સાંજ સુધી રોકાઈને માનસિક દબાણ ઊભું કરતા હોવાથી કંટાળીને મનુભાઈએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવાર જણાવી રહ્યો છે. પંડિત દિનદયાલ ગ્રાહક મંડળના ઉપપ્રમુખ અનિલભાઈ ભોઈએ પણ અધિકારીઓ દ્વારા ઘરે જઈને પજવણી કરાતી હોવાના આક્ષેપોને સમર્થન આપ્યું છે. આ આપઘાતના બનાવમાં એક રહસ્યમય વળાંક આવ્યો છે. ચર્ચા મુજબ, મનુભાઈએ આત્મહત્યા કરતા પહેલા પોતાના પુત્રને એક ચિઠ્ઠી આપી હતી, જે હાલમાં મળી રહી નથી. આ ચિઠ્ઠીમાં કઈ વિગતો હતી ? અને તે કેવી રીતે ગાયબ થઈ ? તે બાબત પોલીસ તપાસનો મુખ્ય વિષય બની છે.

આ મામલે હાલમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગ્રામજનો અને પરિવારે માંગ કરી છે કે આ સમગ્ર પ્રકરણમાં ઉચ્ચ સ્તરીય અને નિષ્પક્ષ તપાસ થાય અને જો કોઈ સરકારી કર્મચારી દોષિત જણાય તો તેની સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે.

### ફરિયાદના આધારે તપાસ ચાલતી હતી

આ અંગે ઈન્ચાર્જ મામલતદાર ભાવનાબેન રબારીના જણાવ્યા મુજબ, મનુભાઈ પાસે માલિયાતજ સહકારી મંડળીનો વધારાનો ચાર્જ હતો. ગ્રામજનોએ ફરિયાદ કરી હતી કે સંચાલક દ્વારા ગ્રાહકોના અંગૂઠા લઈ લેવાયા છે પણ અનાજ આપવામાં આવ્યું નથી. આ બાબતની તપાસ કરવા માટે નાયબ મામલતદારની ટીમ શુક્રવારે અલીન્દ્રા પહોંચી હતી.

ચાર વર્ષથી નાસતા ફરતા શખસો સુધી પેરોલ ફર્લો સ્કોવર્ડ પહોંચી

## દાહોદના કોર્પોરેટર સહિત ૩ની ટિકિટ રિફંડ કૌભાંડમાં ધરપકડ

**પોલીસે** દાહોદમાં વોચ ગોઠવી ૨.૧૬ લાખની છેતરપિંડીમાં પકડી પાડ્યાં



(પ્રતિનિધિ) આણંદ તા.૪

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની ઓનલાઈન ટિકિટો બુક કરાવી, બાદમાં તેને કેન્સલ કરી રિફંડની રકમ પોતાના અંગત ફાયદા માટે મેળવી સરકાર સાથે છેતરપિંડી આચરવાના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા દાહોદ નગરપાલિકાના કોંગ્રેસના ચાલુ કોર્પોરેટર સહિત ત્રણ આરોપીઓને આણંદ પેરોલ-ફર્લો સ્કોડે દાહોદથી ઝડપી પાડ્યા છે.

આણંદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે વર્ષ ૨૦૨૨માં નોંધાયેલી ફરિયાદ મુજબ, GSRTC ગોધરા વિભાગના એજન્ટો અને તેમના સાગરીતોએ જાન્યુઆરી-૨૦૨૨થી મે-૨૦૨૨ દરમિયાન ખંભાત અને અન્ય ડેપોની કુલ ૩૫૮ ટિકિટોનું બોગસ બુકિંગ અને કેન્સલેશન કરાવ્યું હતું. આ રીતે કુલ રૂ. ૨,૧૬,૨૧૨/- નું રિફંડ બારોબાર મેળવી સરકારી મુસાફર ટેક્સ અને એસ.ટી. વિભાગ સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો.

આણંદ પેરોલ-ફર્લો સ્કોડને બાતમી મળી હતી કે, આ ગુનાના આરોપીઓ દાહોદની દર્પણ ટોકીઝ પાસે એકઠા થવાના છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને પ્રહર્ષ ઉર્ફે મુન્નાભાઈ ભરતભાઈ ડીંડોડ (ચાલુ કોર્પોરેટર, કોંગ્રેસ, દાહોદ નગરપાલિકા), મીરાન મહંમદ સફી છીપા, મહેશકુમાર રામદયાલ અગ્રવાલની ધરપકડ કરી હતી. આ ત્રણેય શખસો સામે આગળની કાર્યવાહી માટે આણંદ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## ખેડાના તમામ તાલુકામાં જમીન રેકર્ડની સેવા મળશે

**ગુડ ગવર્નન્સ હેઠળ** નાગરિકોની સુવિધા માટે મહત્વનો નિર્ણય

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા જિલ્લામાં મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવવા જમીન દફતર નિરીક્ષક કચેરીનું તાલુકા સ્તરે વિકેન્દ્રીકરણ કરવા નિર્ણય લેવાયો છે. આ નવી વ્યવસ્થા હેઠળ, અગાઉ નડિયાદ ખાતે કાર્યરત મુખ્ય કચેરી અને અન્ય પેટા કચેરીઓનું વિલીનીકરણ કરી હવે જિલ્લાના તમામ તાલુકાઓમાં જમીન દફતરની કચેરીઓ કાર્યરત કરી દેવામાં આવી છે.

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ, ખેડા જિલ્લાના નાગરિકોને જમીન સંપાદન અને દફતરને લગતી સેવાઓ ઘરઆંગણે મળી રહે તે માટે આ આયોજન કરાયું છે. જેમાં સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ કચેરીઓ (નડિયાદ, ખેડા, કપડવંજ) અને હક્ક ચોકસી અધિકારીની કચેરીઓનું પણ જમીન દફતર નિરીક્ષકની કચેરીમાં વિલીનીકરણ કરવામાં આવ્યું છે.

ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકાઓમાં કચેરીઓ માટેના સ્થળો નિયત કરાયાં છે. જેમાં નડિયાદ (શહેર/ગ્રામ્ય) માટે સરદાર પટેલ ભવન, નડિયાદ અને ખેડા, માતર, વસો, કપડવંજ, કઠલાલ અને ગળતેશ્વરમાં જે-તે તાલુકાના સેવા સદન અને મહુધામાં સીટી સર્વે કચેરી, બસ સ્ટેન્ડ પાસે. મહેમદાવાદમાં મામલતદાર કચેરી, મહુધા રોડ. ઠાસરામાં જૂની તાલુકા પંચાયત કચેરી કમ્પાઉન્ડ. ફાગવેલમાં ગ્રામ પંચાયતની બાજુમાં, રેન બસેરા હોલમાં શરૂ કરાશે.

## આણંદ શહેરમાં વરસાદના જોરદાર ઝાપટાંથી ઠેર ઠેર પાણી ભરાયાં

**પાણી ભરાવા અને** રસ્તા પર ભૂવા પડવા લાગતા મનપાની ટીમ દોડતી થઇ



(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદ શહેર અને જિલ્લામાં શનિવારના રોજ મેઘમહેર જોવા મળી હતી. સરેરાશ અડધા ઈંચ જેવો વરસાદ સાંજના 4 વાગ્યા સુધીમાં નોંધાયો હતો. જોકે, આણંદ શહેરમાં બપોરના સુમારે વરસાદના જોરદાર ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાયાં હતાં. આ ઉપરાંત કેટલાક સ્થળે ભૂવા પડતાં મરામત માટે ટીમો દોડાવવામાં આવી હતી.

આણંદ શહેરમાં કલેક્ટરના જુના બંગલા નજીક જ મોટો ભુવો પડી ગયો હતો. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ રસ્તાની મરામત માટે છેલ્લા બે વરસથી સ્થાનિક રહિશો રજૂઆત કરતાં આવ્યાં છે. પરંતુ મનપાના શાસકોએ ફરિયાદ કાને લીધી નહતી. આ સ્થળે ગટરના કામ માટે કોન્ટ્રાક્ટર દ્વારા ત્રણથી ચાર વખત રસ્તો ખોદવામાં આવ્યો છે. પરંતુ મરામતના નામે માત્ર માટી જ નાંખવામાં આવતા સ્થિતિ વણસી છે. આ ઉપરાંત આણંદ શહેરમાં અમૂલ ડેરી રોડ પર બની રહેલા બ્રિજના સર્વિસ રોડ પર ગટરનું ઢાંકણ બેસી ગયું હતું. આમ, વરસાદના સામાન્ય ઝાપટામાં ઠેર ઠેર સ્થિતિ વણસી હતી.

બીજી તરફ કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી છે. નાગરિકોને પાણી ભરાવવાની સમસ્યાથી મુક્તિ મળે અને વાહનવ્યવહારમાં અવરોધ ન આવે તે હેતુથી મહાનગરપાલિકાની ટીમ હાલ સતત કાર્યરત છે. તંત્ર દ્વારા શહેરની ડ્રેનેજ લાઈનોની સફાઈ પ્રક્રિયા તેજ કરવામાં આવી છે, જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ અટકાવી શકાય. આ કામગીરી માટે ખાસ વહીવટી આયોજન હેઠળ ટેકનિકલ સ્ટાફ અને સફાઈ કર્મીઓ વરસાદી માહોલમાં પણ ફરજ બજાવી રહ્યા છે.

## ખંભાતમાં ચાર શખસે યુવકને છરાનો ઘા ઝીંક્યો

**પત્નીની છેડતી** બાબતે ઠપકો આપતા હુમલો કર્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.૪

ખંભાતના શક્કરપુર જીન વિસ્તારમાં પત્નીના સન્માન માટે લડવા ગયેલા એક પતિ પર પાડોશી યુવકોએ જીવલેણ હુમલો કર્યો હોવાની હચમચાવનારી ઘટના સામે આવી છે. છેલ્લા છ મહિનાથી પત્નીની પજવણી કરતા શખ્સને સમજાવવા ગયેલા પાધરિયા ગામના ૨૮ વર્ષીય યુવકને ચાર શખ્સોએ ઘેરી લઈ છરા અને પથ્થરો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ખંભાતના પાધરિયા ગામના રહેવાસી વિનેશ મુકેશભાઈ ચુનારા છેલ્લા છ માસથી ગામની પરિણીતાને હેરાન-પરેશાન કરતો હતો. આ બાબતે ગત ૩ જુલાઈના રોજ પરિણીતાનો પતિ વિનેશના ઘરે ઠપકો આપવા ગયા હતા, જ્યાં વિનેશ અને તેના ભાઈ વિનયે તેમની સાથે ઝપાઝપી શરૂ કરી હતી. જોકે, તે ભાગ્યો અને અંબે માતાના મંદિર પાસે તેમને આંતરી લીધા હતા. વિનેશ અને વિનયે ફિલ્મી ઢબે પકડી રાખ્યા હતા અને પિતરાઈ ભાઈ યશ કિશોર ચુનારાએ મારી નાખવાના ઈરાદે યુવકના છાતીના ડાબા ભાગે છરાનો ઘા ઝીંકી દીધો હતો. જોકે, યુવકને બચાવવા પડેલા તેના પિતા અને કાકા પર પણ પથ્થરમારો કરી માથામાં ઈજા પહોંચાડી હતી. હાલ યુવકની હાલત નાજુક હોવાથી તેમને વધુ સારવાર માટે કરમસદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ખંભાત સીટી પોલીસે આ મામલે ચારેય હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નડિયાદમાં માઈમંદીર પાસે વિદેશ દારૂનો વેપલો પકડાયો

**સ્ટેટ મોનિટરીંગ** સેલના દરોડામાં ૩ આરોપી પકડાયાં, મુખ્ય સુત્રધાર ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદના માઈમંદીર વિસ્તારમાં ચાલતા વિદેશી દારૂના વેપાર પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ત્રાટકીને મોટા પાયે કાર્યવાહી કરી છે. બાતમીના આધારે પાડવામાં આવેલા આ દરોડામાં પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર પોલીસની પકડમાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી દારૂનો જથ્થો, વાહનો અને રોકડ મળી કુલ રૂ. ૩,૮૨,૨૯૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

સ્ટેટ મોનિટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર બી.પી. દેસાઈ અને તેમની ટીમને બાતમી મળી હતી કે માઈમંદીર પાસેના ઢાળ પર દારૂનો ગેરકાયદેસર વ્યવસાય ચાલી રહ્યો છે. પોલીસે મુસ્કાન ઓટો ગેરેજ પાસે દરોડો પાડી કાળુ ઉર્ફે લંગુર ખેતાભાઈ કાંગસીયાને દારૂની બોટલો સાથે ઝડપી લીધો હતો. તેની પૂછપરછ બાદ સામેની ગલીમાં આવેલી અવાવરું ઓરડીમાંથી દિલીપકુમાર ભગુભાઈ મહીડા અને વેદ હોસ્પિટલના પાર્કિંગમાંથી જાકીરખાન ઉર્ફે લાલુ પઠાણને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે હોસ્પિટલના પાર્કિંગમાં પડેલી કારમાંથી છુપાવેલો દારૂનો જથ્થો શોધી કાઢ્યો હતો. આ સમગ્ર ઓપરેશન દરમિયાન ૧,૫૨,૫૪૩ની કિંમતની ૯૦૪ દારૂ - બીયરની બોટલો મળી આવી હતી. આ ઉપરાંત બે વાહનો, મોબાઈલ અને રોકડ રકમ પણ કબ્જે કરવામાં આવી છે. હાલમાં ફરાર મુખ્ય આરોપી ઈકબાલખાન અબ્બાસખાન પઠાણ વિરુદ્ધ ગુનો નોંધી પીએસઆઈ નિમિષા સુતરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

### સ્વીફ્ટ ગાડીનો કાચ તોડી પોલીસે ચેકિંગ કર્યું

પોલીસની તપાસ દરમિયાન હોસ્પિટલના પાર્કિંગમાં એક શંકાસ્પદ સફેદ સ્વીફ્ટ ગાડી મળી આવી હતી, જે ફરાર ઇકબાલખાનની હોવાનું જાણવા મળ્યું હતું. આ ગાડીના કાચ પર બ્લેક ફિલ્મ હોવાથી અને તેની ચાવી ન હોવાથી, પોલીસે પંચોની હાજરીમાં કાચ તોડીને તપાસ કરી હતી, જોકે તેમાંથી કોઇ વાંધાજનક વસ્તુ મળી ન હતી.

## ગળતેશ્વરના દુષ્કર્મ કેસમાં યુવકને દસ વર્ષની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ગળતેશ્વર વિસ્તારમાં એક મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે બળજબરીથી દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં નડિયાદની સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદ અને કુલ 30,000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ગળતેશ્વરના બળેવિયા ખેતરમાં રહેતા કરણ ઉર્ફે નિતેશ ભારત પરમારે 21 અને 22 એપ્રિલ 2024 દરમિયાન આ ગુનો આચર્યો હતો. કરણે ભોગ બનનાર મહિલાને ફોન પર જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેને રતનપુર સીમમાં તેમજ મિઠારી ગામની કુણનદીની કોતરમાં લઈ ગયો હતો. જ્યાં મહિલાની મરજી વિરુદ્ધ બળજબરીથી અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો.

આ મામલે સેવાલિયા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયા બાદ નડિયાદના બીજા એડિશનલ સેશન્સ જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સરકારી વકીલ યોગીબેન બારોટે રજૂ કરેલા 13 દસ્તાવેજી પુરાવા અને 11 સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને કસૂરવાર જાહેર કર્યો હતો અને દુષ્કર્મ બદલ 10 વર્ષની સખત કેદ અને 25 હજાર રૂપિયા દંડ (દંડ ન ભરે તો વધુ 1 વર્ષની સજા) અને ધમકી બદલ 1 વર્ષની કેદ અને 5,000 રૂપિયા દંડ કર્યો હતો. આ ઉપરાંત દંડની રકમમાંથી 10 હજાર રૂપિયા અને સરકારના ઠરાવ મુજબ વધારાના 50 હજાર રૂપિયા ભોગ બનનારને વળતર પેટે ચૂકવવાનો કોર્ટે હુકમ કર્યો છે.

## ઠાસરાના વાડદ ગામમાં રોડ પરના દબાણો તોડી પડાયાં

**વાંઘરોલી-હડમતીયા** રોડ પરની ૧૦ દુકાનો અને ૨૦ કાચા બાંધકામોનો સફાયો



(પ્રતિનિધિ) ઠાસરા તા.૪

ઠાસરા તાલુકાના વાંઘરોલી-હડમતીયા રોડ પર આવેલા વાડદ ગામમાં વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. રસ્તા પરના રેખા નિયંત્રણ ધારાનો ભંગ કરી ઉભા કરાયેલા કાચા-પાકા બાંધકામોને દૂર કરી તંત્ર દ્વારા રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે.

સ્થાનિક વહીવટી તંત્રએ સ્પષ્ટ નીતિ જાહેર કરી છે કે ગેરકાયદેસર દબાણોને કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહીં. વાંઘરોલી-હડમતીયા રોડ પર વાડદ ગામમાં દબાણકારોને અગાઉ સમયાંતરે નોટિસો પાઠવી સ્વેચ્છાએ દબાણ દૂર કરવા જણાવાયું હતું. તેમ છતાં દબાણો દૂર ન થતા, અધિકારીઓની ટીમ દ્વારા સ્થળ પર હાજર રહીને રસ્તા પરની ૧૦ દુકાનો અને શેડ-છજા જેવા ૨૦ કાચા બાંધકામો તોડી પાડવામાં આવ્યાં હતાં. આ કામગીરીમાં ૦૨ જે.સી.બી અને ૦૧ ડમ્પર વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડાકોર માર્ગ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર, મામલતદાર કચેરી, ગળતેશ્વર તથા પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સાથે મળી આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી. સમગ્ર દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો અને શાંતિપૂર્ણ રીતે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

## આણંદ કૃષિ યુનિવર્સિટીની IABMI કોલેજમાં સો ટકા પ્લેસમેન્ટ

**મેનેજમેન્ટ શ્રેણીમાં** સંસ્થા ગુજરાતમાં છઠ્ઠા ક્રમે અને નીટ પરીક્ષામાં 11 વિદ્યાર્થીઓ સફળ રહી



(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદ કૃષિ યુનિવર્સિટીની ઈન્ટરનેશનલ એગ્રિબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ એ MBAની 17મી બેચ માટે ફરી એકવાર 100 ટકા પ્લેસમેન્ટ હાંસલ કરીને શૈક્ષણિક જગતમાં પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. સંસ્થાના ગુણવત્તાસભર શિક્ષણ અને ઉદ્યોગ જગત સાથેના સુદ્રઢ સમન્વયને પરિણામે વિદ્યાર્થીઓને દેશની અગ્રણી કંપનીઓમાં ઉજ્જવળ કારકિર્દીની તકો મળી છે.

આ વર્ષે પ્લેસમેન્ટ પ્રક્રિયામાં કુલ 17 પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં રિલાયન્સ કંપની દ્વારા સૌથી વધુ 7.00 લાખનું વાર્ષિક પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટાટા ગ્રુપના સાહસ દ્વારા 6.50 લાખ, અમેરિકાની કંપની દ્વારા 6.37 લાખ અને ફ્રેંચ મલ્ટીનેશનલ કંપની દ્વારા 6.25 લાખના આકર્ષક પેકેજ વિદ્યાર્થીને આપવામાં આવ્યા છે.

પ્લેસમેન્ટની સાથે એકેડેમિક એક્સેલન્સ IABMI ની વિશેષતા એ છે કે અહીં વિદ્યાર્થીઓ માત્ર કોર્પોરેટ ક્ષેત્રે જ નહીં, પરંતુ શિક્ષણ અને સરકારી સેવાઓમાં પણ કાઠું કાઢી રહ્યા છે. વિદ્યાર્થીઓને માત્ર નોકરી જ નહીં, પરંતુ અભ્યાસ દરમિયાન સમર ઈન્ટર્નશિપમાં પણ દર મહિને રૂ. 22,000 સુધીનું સ્ટાઈપેન્ડ મળ્યું છે. અતુલ લિમિટેડ, ગોદરેજ એગ્રોવેટ અને બાયર ક્રોપ સાયન્સ જેવી કંપનીઓએ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ માટે મંચ પૂરું પાડ્યું હતું. આ સંસ્થાના ડીન ડો. વાય. એ. લાડે આ સફળતા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું,

- વિવિધ ક્ષેત્રોમાં પસંદગી: કુલ સ્નાતકોમાંથી 32 વિદ્યાર્થીઓ ખાનગી ક્ષેત્રમાં, 3 વિદ્યાર્થીઓ સરકારી નોકરી માટે પસંદ થયા છે, જ્યારે 3 વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસનો વિકલ્પ પસંદ કર્યો છે.
- NET પરીક્ષામાં દબદબો: આ વર્ષે કોલેજના 11 વિદ્યાર્થીઓએ UGC/ICAR-NET પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે, જેનાથી સંસ્થાના કુલ NET પાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 35 પર પહોંચી છે.
- રાજ્યમાં શ્રેષ્ઠ રેન્કિંગ: IIRF ફ્રેમવર્ક હેઠળ મેનેજમેન્ટ શ્રેણીમાં IABMI એ ગુજરાત રાજ્યમાં છઠ્ઠું સ્થાન જાળવી રાખીને અગ્રણી એગ્રીબિઝનેસ સંસ્થા તરીકે ઉભરી આવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225